# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૧/૫૭૬૫ તા. ૨૮/૦૫/૨૦૨૧

**પરિપત્ર-૨૪૦૬**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આપની કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં અભ્યાસ કરતા બી.એડ. સેમેસ્ટર-૪ ના વિદ્યાર્થીઓના (રેગ્યુલર અને રીપીટર) યુનિવર્સિટી કક્ષાના વાર્ષિક પાઠ વાયવા સ્વરૂપે તા.૧૫/૦૬/૨૦૨૧ સુધીમાં ઓનલાઈન પધ્ધતિ અનુસાર કોલેજ સ્તરે લેવાના રહેશે. આ માટેનું સમગ્ર આયોજન સંબંધિત કોલેજે કરવાનું રહેશે. આ પરીક્ષાઓના સમયપત્રક તૈયાર કરી આ અંગેની જાણ સંબંધિત વિદ્યાર્થીઓને અને ચેરમેનશ્રીને કરવાની રહેશે તથા તેની એક નકલ તેમજ આપ જે માધ્યમથી ઓનલાઈન વાયવા લેવાના હોવ (ઉ.દા. Google Meeting, Zoom વિગેરે) તેનો યુઝર આઈ.ડી. અને પાસવર્ડ યુનિવર્સિટીને ઈ-મેઈલ આઈ.ડી. infoexam@sggu.ac.in પર મોકલી આપવાનો રહેશે. કોલેજના આચાર્યશ્રી/સિનીયર પ્રોફેસરશ્રીએ આંતરિક પરીક્ષક તરીકેની ફરજો નિભાવવાની રહેશે તથા આગાઉ નિમવામાં આવેલ ચેરમેન યથાવત રહેશે. આંતરિક પરીક્ષકશ્રીએ ચેરમેનશ્રી સાથે કો-ઓર્ડીનેશનમાં રહી સમગ્ર વાયવાનું આયોજન કરવાનું રહેશે. આંતરિક પરીક્ષકશ્રીએ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ ફોર્મેટમાં વ્યક્તિગત ગુણપત્રક તૈયાર કરી બાહ્ય પરીક્ષકશ્રીને તા.૧૬/૦૬/૨૦૨૧ સુધીમાં મોકલી આપવાની રહેશે તથા બાહ્ય પરીક્ષકશ્રીએ વ્યક્તિગત અને એકંદર ગુણ પત્રક યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ ફોર્મેટમાં તૈયાર કરી ટપાલ મારફત યુનિવર્સિટી ખાતે તા.૨૦/૦૬/૨૦૨૧ સુધીમાં મળી જાય તે રીતે ફરજિયાતપણે મોકલી આપવાનું રહેશે. સંબંધિત વિદ્યાર્થીઓએ કોલેજની સુચના અને સમયપત્રક અનુસાર આ વાયવા/પ્રેક્ટીકલ પરીક્ષામાં ઉપસ્થિત રહેવાનું રહેશે.

નોંધ : આ સંદર્ભમાં કોઈપણ પ્રકારના માર્ગદર્શન હેતુ કો-ઓર્ડીનેટરશ્રી ડૉ. મહિપાલસિંહ રાઠોડ, કા. આચાર્યશ્રી, જી.વી.એમ. બી.એડ. કોલેજ, અણીયાદનો સંપર્ક કરી શકશો.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાન સારું.